# 50

## બાલારામ અભયારણ્યના ઈકો સેન્સેટીવ ઝોન વિસ્તાર માટે મોનીટરીંગ કમિટીની રચના

*** 15/4/2569 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી** (દાંતા) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ભારત સરકારના તા.૦૯/૧૧/૨૦૨૧ના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન વિભાગના જાહેરનામા અન્વયે બાલારામ અભયારણ્યના ઈકો સેનસેટીવ ઝોન વિસ્તારમાં પ્રવૃતિઓના નિયમન બાબતે મોનીટરીંગ કમિટીની રચના કયારે કરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત કમિટીના સભ્યો કોણ છે, અને

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કમિટીની બેઠકો કયારે મળી અને ઉકત બેઠકોમાં કયા મહત્વના નિર્ણય લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ભારત સરકારના તા.૦૯/૧૧/૨૦૨૧ના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન વિભાગના જાહેરનામાંથી રચના કરવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ કમિટીના સભ્યો નીચે મુજબ છે.

| અ.નં. | મોનીટરીંગ કમિટીના સભ્યોની વિગત | હોદ્દો |
|---|---|---|
| ૧ | કલેકટરશ્રી, બનાસકાંઠા જિલ્લો, પાલનપુર | ચેરમેન |
| ૨ | રાજય સરકારશ્રી દ્વારા પર્યાવરણ અને બર્ડ વોચર/વાઈલ્ડ લાઈફ એક્ષ્પર્ટ તરીકે નિયુકત કરેલ બિન સરકારી પ્રતિનિધિ. | સભ્ય |
| ૩ | રાજય સરકારશ્રી દ્વારા નિયુકત કરેલ ઈકોલોજી અને એન્વયારમેન્ટના એરીયા એક્ષ્પર્ટ | સભ્ય |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગના પ્રતિનિધિ, ગુજરાત રાજય | સભ્ય |
| ૫ | રીઝીયન ઓફીસર, જિ.બનાસકાંઠા–પાલનપુર, ગુજરાત રાજય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ | સભ્ય |
| ૬ | પ્રતિનિધિ/ રાજય બાયોડાયવર્સીટી બોર્ડ | સભ્ય |
| ૭ | નાયબ વન સંરક્ષકશ્રી, બનાસકાંઠા વન વિભાગ, પાલનપુર | સભ્ય સચિવ |

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કમિટીની કુલ– ૪ બેઠકો ક્રમશ (૧) ૨૩–૦૧–૨૩(૨) ૧૮–૦૫–૨૩ (૩) ૨૦–૦૭–૨૩ અને (૪)૨૩–૧૧–૨૩ના રોજ મળે હતી જે બેઠકોમાં ઇકો સેન્સીટીવ ઝોન વિસ્તારમાં કરવાની થતી કામગીરીની દરખાસ્તોને મંજુર/નામંજુર કરવા બાબતેનો નિર્ણય લેવામાં આવેલ છે.

---------------------------------